મેટ્રીક્યુલેશન ઇતિહાસ

હિંદનું નવું રાજ્યબંધારણ

[પ્રશ્નોત્તર રૂપે]

● ●

લેખક:
એક અનુભવી શિક્ષક

● ●

: પ્રકાશક :
શ્રી હરિહર પુસ્તકાલય
બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ
ટાવર રોડ, સુરત.

મૂલ્ય: બે આના.

હિન્દનું નવું રાજ્યબંધારણ

[પ્રશ્નોત્તર રૂપે]

શ્રી હરિહર પુસ્તકાલય, સુરત.

Most Useful Books for Std. VI & V

Test Papers in Algebra by Gandhi 0 12 0
Key to " (") 1-0-0
Exercises in Geometry (") 1-10 0
Elementary Trigonometry (") 0 12 0
Facts & Formular in Chemistry (") 0-4-0
પદાર્થ વિજ્ઞાન અને રસાયણ શાસ્ત્ર (પ્રશ્નોત્તર રૂપે) ૧-૮-૦
નિબંધમાળા (ફૂટમુદ્રીઆ અને ફક્કર) ૧-૪-૦
સરળ ગુજરાતી વ્યાકરણ. (" ") ૦-૧૦-૦
ભાષાંતર જોડણી અને સમાસ (" ") ૦-૪-
Model English Papers with Answers ... 2 0-0
Spelling Chart by Chaphekar ... 0-1 0
Choice Proverbs, & Idioms ... 0-4-0
Figures of Speech by Raghavachari ... 0 2-0
50 Test Papers in general English .. 1-8-0
How & why in Geography (In Gujarati) 0-5 0
સરળ મેટ્રિક્યુલેશન ભૂગોળ ૧-૨-

Can be had from -

Shree Harihar Pustakalay Bookseller Publisher

New & Secondhand Bookseller

Tower Road, SURAT

Printed by: Govindji D. Naik At: Shree Anavil Bandhu P. Press, Baranpuri Bhagal, Surat.

Published by: J. V. Mehta, Bookseller, Harihar Pustakalaya, Tower Road-Surat.

Important Questions & Answers
on
Indian Administration.

(1) Explain "Indian Administration" in short

Indian administration એટલે હિંદનું રાજ્યધારણ. હિંદુસ્તાનનો વહીવટ બે રીતે થાય છે (૧) ઈંગ્લાંડમાં રહીને અમુક અમલદારો રાજવહીવટ કરે છે. (૨) હિંદુસ્તાનમાં રહીને અમુક અમલદારો રાજવહીવટ કરે છે. ઈંગ્લાંડમાં રહેનાર વડો અમલદાર **હિંદી પ્રધાન** કહેવાય છે. હિંદુસ્તાનમાં રહેનાર વડો વહીવટી અમલદાર **ગવર્નર જનરલ અથવા વાઈસરોય** કહેવાય છે. હિંદુસ્તાનમાં રહીને જે અમલદારો તથા સંસ્થાઓ ભેગાં મળીને આપણા દેશનો વહીવટ કરે છે, તેને **હિંદી સરકાર**ના નામથી ઓળખવામાં આવે છે. એ કારભાર બે ભાગમાં વહેંચી નાંખવામાં આવ્યો છે. (૧) આખા દેશને એક સરખા લાગુ પડે એવાં ખાતાંઓનો વહીવટ **વડી સરકાર અથવા મધ્યવર્તી સરકાર** Central Legislature ચલાવે છે. (૨) જે જે ખાતાનાં વહીવટમાં પ્રાંત પ્રાંતના હિત જુદાં પડતાં હોય તે તે ખાતાં પ્રાંતિક સરકાર Provincial Government ને હસ્તક સોંપાયાં છે.

લશ્કર, પરદેશનાં રાજ્યો સાથેનો સંબંધ, તાર, ટપાલ, રેલ્વે, વસ્તીગણત્રી, બંદરી આયાત ને નિકાસ, આવકવેરો, હથિયાર ને દારૂગોળો, મીઠાવેરો વગેરે ખાસ ઉપયોગી બાબતોનો વહીવટ વડી સરકારના કાબુમાં છે. ન્યાય, પોલીસ, સ્વરાજ્ય, જાહેર આરોગ્ય, કેળવણી, ખેતીવાડી, જંગલ, નાટક–સીનેમા, જમીન–મહેસૂલ વગેરે ખાતાંઓનો વહીવટ પ્રાંતિક સરકારના કાબુ નીચે મુકાયો છે.

(2) Who is called The Govrnor General? Who appoints him and how?

હિંદુસ્તાનની વડી સરકારનો વડો અમલદાર ગવર્નર જનરલ કહેવાય છે. એને વાઈસરોય એટલે (ઇગ્લાંડ રાજાના) તાજનો પ્રતિનિધિ ગણવામાં આવે છે. ઇગ્લાંડની પાર્લમેન્ટ ત્યાંના ઉમરાવ (Lords) કુટુંબોમાંથી એની પસંદગી કરે છે, અને ઇગ્લાંડના શહેનશાહ તે નીમણુકને બહાલી આપે છે, એટલે એ આ ઓદ્ધા માટે મુકરર થાય છે. એના ઓદ્ધાની મુદ્દત પાંચ વરસની હોય છે. ઈગ્લાંડના રાજકીય ક્ષેત્રમાં તે ભારે લાગવગ ધરાવનાર વ્યક્તિ હોય છે. એ સીધો જવાબદાર તાજને-ઈગ્લંડના શાહને અર્થાત્ પાર્લમેન્ટને હોય છે, પરંતુ કટોકટીના અને અત્યંત અગત્યના મુદ્દાઓ અંગે ઇંગ્લંડમાં રહેલા હીંદના અમલદાર હિંદી પ્રધાન સાથે સંદેશા ને મસલતો ચલાવીને તે પછીથીજ અમુક ખાસ પગલાંઓ ભરી શકે છે. એને રૂા. ૨, ૫૦, ૮૦૦, નો વાર્ષિક પગાર મળે છે.

(3) What do you know about The Emperor & the Parliament of England ?

પાર્લામેન્ટ એટલે અમુક ચુંટાયલા સભ્યોની એક રાજવહીવટ સંભાળનારી મંડળી. ઇ. સ. ૧૮૫૭ના બળવા પછી પાર્લામેન્ટે કાયદો ઘડી ઈસ્ટ ઇન્ડીયા કંપનીના હાથમાંથી હિંદનું રાજતંત્ર લઈ લીધું. એ પછી આપણા દેશમાં બંધારણ પ્રમાણેનો નવો યુગ શરૂ થયો. હાલમાં હિંદનો વહીવટ ઇંગલાંડના તાજને નામે એ કરી રહી છે.

ઈંગલાંડના રાજાને અમુક ખાસ સત્તાઓ હોય છે. પરંતુ એની એ સત્તા, ખર્ચ, લગ્ન વગેરે ઉપર ત્યાંની પાર્લામેન્ટનો સંપૂર્ણ અંકુશ છે. અગર બીજા દેશો માટે જે કંઇ કરે છે તે ત્યાંની પાર્લામેન્ટજ તાજને નામે સત્તા વાપરીને કરે છે. પાર્લામેન્ટે ઘડેલા કાયદા મુજબજ આપણા દેશનું રાજતંત્ર ચાલે છે. જો કે પાર્લામેન્ટ ઇંગલાંડનું કાયદા ઘડવાનું મંડળ હોવા છતાં તે વહીવટ પર પણ કાબુ ધરાવે છે.

આ પાર્લમેન્ટ સીધી રીતે વહીવટકરતા નથી, પણ તેને બે સભા-બે ગૃહો છે. (૧) લોકસભા-આમસભા House of Com-

mons (૨) અમીર સભા House of Lords. આ બંને પથના સભાસદો પાર્લામેન્ટમાં બેસે છે. જે પક્ષની વધુમતી હોય તેમાંથી પ્રધાનોની નીમણુંક થાય છે. આ પ્રધાનોના હાથમા વહીવટનાં તમામ ખાતાંઓ સોંપાય છે આ પ્રધાનો પોત પોતાના કારભાર માટે House of Commons ને જવાબદાર હોય છે. તેમનો પગાર પણ તેનીજ મંજુરીથી મળે છે

(4) Discuss fully about the Present Governor General of The Provincial Autonomy.

अ **The present Governor General: હાલના ગવર્નર જનરલ:** ઇ.સ. ૧૯૩૬માં હિંદના છેલ્લા વોઈસરોય લોર્ડ વિલીંગડનની મુદત પુરી થતાં તેમની જગ્યાએ લોર્ડ લિન્લીથગો વાઇસરોય તરીકે હિંદ આવ્યા છે. લોર્ડ ઇરવીનના વખતમાં ૧૯૨૬માં ખેતી સુધારણા માટે જે શાહી કમીશન નીમાયું હતું તેના એ પ્રમુખ હતા. આ ઉપરાંત નવાં રાજ્ય બંધારણને અંગે નીમાયેલી જોઇન્ટ પાર્લામેન્ટરી કમીટીના પણ એઓ પ્રમુખ હતા.

એમના અમલને એક વરસ થતાં નવા કાયદા પ્રમાણે પ્રાંતોમાં વહીવટ શરૂ થયો અને તે પ્રમાણે અગીઆર પ્રાંતોમાં લોકસભાએ ચૂટેલા પ્રધાનોના હાથમાં રાજ્યવહીવટ સોંપવામાં આવ્યો. આમાંથી આઠ પ્રાંતો મુંબઇ, મદ્રાસ, ઓરિસ્સા, મધ્ય પ્રાંત, બિહાર, સંયુક્ત પ્રાંત, સરહદનો પ્રાંત અને આસામમાં રાષ્ટ્રીય મહાસભાપક્ષના પ્રધાન મંડળો (Congress Government) કામ કરી રહ્યાં છે. તેઓ કેળવણી, વેપાર ઉદ્યોગ, દારૂનિષેધ, ખેતીવાડી ઉત્તેજન, ગ્રામ્ય વિકાસ વગેરે બાબતોમાં ઝડપી સુધારા કરી રહ્યાં છે.

લોર્ડ લિન્લીથગો ઇ. સ. ૧૯૩૫ના કાયદા મુજબ યોજાયેલા Federation સંયુક્ત તંત્રની યોજનનાને સફળ બનાવવા તેમાં દેશી રાજ્યો પણ જોડાય એ રીતના પ્રયાસો કરી રહ્યા છે. ખેડૂતનો પ્રશ્નો ખેતી, ઢોર ઉછેર, ગ્રામ્ય સુધારણા વગેરેમાં તેઓ ખૂબજ રસ લે છે.

(5) Describe the position and powers of the Secretary of State under the Government of India act of 1935

Secretary of State એટલે હિંદી વજીર કે હિંદી પ્રધાન હિંદના રાજવહીવટ પર દેખરેખ રાખવાનું કામ એના હાથમાં સોંપાયલું છે. એ ઈંગ્લાંડમાંજ રહે છે. એનું સ્થાન ઈંગ્લાંડના કારોબારી મંડળમાં (કેબીનેટ) હિંદુસ્તાનના વહીવટ માટે તે પાર્લામેન્ટને જવાબદાર હોય છે. એનો ઓધ્ધો કાયમી નથી. એ પાર્લામેન્ટનો સભ્ય હોય છે. જ્યારે જ્યારે પ્રધાનમંડળ બદલાય ત્યારે ત્યારે હિંદી વજીર પણ બદલાય છે. એને મદદ કરવા માટે એક કાયમી મંત્રી રાખવામાં આવે છે. વળી હિંદ વિષેના બીજા વિભાગની ખબર આપવા માટે એક પાર્લમેન્ટરી અન્ડર સેક્રેટરી પણ રાખે છે. આ સેક્રેટરી હિંદી વજીરનાજ પક્ષનો હોય છે. હિંદનો રાજકારભાર, લશ્કરી વહીવટ હિંદનો ગવર્નર જનરલ અને પ્રાંતિક ગવર્નરો વગેરે તમામ તેનીજ હકુમત નીચે કામ કરે છે. હિંદના ઉપજ–ખર્ચનું અંદાજ પત્ર એને દર વર્સે પાર્લામેન્ટ સમક્ષ રજુ કરવું પડે છે. ગવર્નર જનરલ સિવાય હિંદના બીજા મોટા અમલદારોની નીમણુકો શહેનશાહ તેની સલાહથીજ કરે છે. ઇ. સ. ૧૯૩૫ના હિંદી કાયદાથી હિંદી વજીરની સત્તામા થોડો ઘટાડો, અને પ્રાંતીક સરકારોની જવાબદારીઓમાં વધારો કરવામાં આવ્યો છે. પણ આ કાપકૂપ કેવળ દેખાવ માટેની છે. નવા કાયદા મુજબ ગવર્નર જનરલ અને ગવર્નરોને કેટલીક ખાસ સત્તાઓ આપવામા આવી છે, આ ખાસ સત્તાઓ તેઓ પ્રધાનમંડળ અને ધારાસભાના અભિપ્રાયોની વિરૂદ્ધમાં જઇને વાપરી શકે છે. પરંતુ આવા કટોકટીના પ્રસંગે તેમણે હીંદી વજીરની સલાહ લેવી પડે છે. હીંદી વજીરનો પાર્લમેન્ટ સાથેના સંબંધ જેવોને તેવોજ કાયમ રહ્યો છે. પરંતુ હવેના ગવર્નર જનરલ અને પ્રાંતીક ગવર્નરો તેમની ખાસ જવાબદારી વાયનાં ખાતાંઓને અંગેના વિષયોમાં નવા કાયદા મુજબ

હિંદી વજીરને જવાબદાર રહ્યાં નથી. હીંદી લશ્કર, પરદેશ નીતિ, રીઝર્વ બેન્ક, સનંદી નોકરી વગેરે મુખ્ય મુખ્ય જવાબદાર ખાતાંઓ, ગવર્નરો તથા ગવર્નર જનરલ પોતાના પ્રધાનોથી સ્વતંત્ર રીતે સંભાળે છે. અર્થાત્ આ ખાતાંઓમાં આપણા (હાલમાં કોંગ્રેસે નીમેલા) પ્રધાનો લેશ માત્ર માથું મારી શકતા નથી. આ ખાતાંઓના વહીવટ ઉપર હિંદી વજીરની સત્તા અગાઉની માફકજ અમર્યાદિત છે.

ઇ. સ. ૧૯૧૯ ના કાયદાથી હીંદી વજીરને સલાહ આપવાને સ્થપાયેલી હીંદી કચેરી India Counc l રદ કરવામાં આવી છે, અને ઇ. સ. ૧૯૩૫ ના નવા કાયદા પ્રમાણે હીંદી વજીરને ઓછામાં ઓછા ત્રણ ને વધુમાં વધુ ૬ સભ્યોનું બનેલું એક સલાહકાર મંડળ Advisers નીમવાની સત્તા મળી છે. એ સત્તા મુજબ હાલના હીંદી વજીરે (લોર્ડ ઝેટ્લેન્ડ) ૭ સલાહકારોની નીમણુક કરી છે. હીંદી વજીર અને તેના આ સલાહકારોના પગાર ઇંગ્લાંડની તીજોરીમાંથી આપવાનું નક્કી થયું છે. આ સલાહકારોમાં ત્રણ એવા હોવા જોઇએ કે જેમણે હિંદમાં દશ વરસ સુધી નોકરી કરી હોય અને જેમને હિંદ છોડી ગયે બે વરસથી વધુ વખત ન થયો હોય. આવા સલાહકારોના ઓદ્દાની મુદ્દત પાંચ વરસની રખાય છે. પણ એમાંના કોઇને પાર્લામેન્ટમાં બેસવાનો કે મત આપવાનો હક નથી. આવા દરેક સલાહકારને દર વરસે ૧૩૫૦ પાઉન્ડ મળે છે. હિંદીઓને એ ઉપરાંત ૬૦૦ પાઉન્ડ ભથ્થાં વગેરે માટેના વધુ મળે છે. હિંદી વજીરે આ સલાહકારોની સલાહ અમુક ખાસ સંજોગોમાં–ખાસ બાબતો સિવાય બીજામાં લેવી કે નહિ, અગર લીધા પછી તે પ્રમાણે વર્તવું કે નહિ, તે તેની મુન્સફી ઉપર આધાર રાખે છે. પરંતુ સનંદી નોકરોની બાબતમાં હિંદી વજીરને તેના સલાહકારોની સલાહ મુજબ વર્તવુંજ પડે છે.

(6) How does the Secretary of State control Indian affairs under the act of 1935 ?

[સવાલ પહેલાના જવાબમાં જુઓ]

(7) What changes have been brought about in the position of the Secretary of State and his Council under the act of 1935.

[સવાલ પહેલાના જવાબમાં જુઓ.]

(8) Write short notes on:—

(A) Federation.
(B) Federal High Court.
(C) High Commissioner for India.
(D) Advisers of the Secretary of State.
(E) Under Secretaries–Home Government.

અ Federation: સમવાયતંત્ર, સમૂહતંત્ર કે સંયુક્તરાજતંત્ર:

૧૯૩૫ના કાયદા મુજબના નવા સુધારા જ્યારે અમલમાં મુકાશે ત્યારે વડી સરકારના કારભારમાં અગત્યના ફેરફારો દાખલ થશે આ સુધારાઓ મુજબ સંયુક્ત રાજતંત્ર 'ફેડરેશન'ની શરૂઆત થશે એમાં બ્રીટીશ હિંદના સત્તર પ્રાંતો ઉપરાંત દેશી રજવાડાઓનો પણ સમાવેશ થશે. મધ્યવર્તી સરકારના વહીવટી ખાતાઓ બે ભાગમાં વહેંચાઇ જશે. સંરક્ષણ, ધાર્મિક બાબતમાં, આંતર રાષ્ટ્રીય ને સરહદના મુલક પરત્વેનો સંબંધ વગેરે બાબતો ગવર્નર જનરલને અંગત વહીવટ માટે સોંપાશે. આ ખાતાઓના કારભાર માટે ગવર્નર જનરલ ત્રણ સલાહકારો નીમશે ને તેમની સલાહ લઈ રાજકારભાર ચલાવશે. આ ખાતાંઓના વહીવટ માટે ગવર્નર જનરલ હીંદી વજીરને જવાબદાર રહેશે.

લોકોએ ચૂંટી મોકલેલા સભ્યોની બનેલી ધારાસભામાં, જે પક્ષની બહુમતી હોય, તેમાંથી પ્રધાનોની નીમણુક કરી તેમને ખાતાંઓના વહીવટ સોંપવામાં આવશે. આ વહીવટ માટે આ પ્રધાનો ધારાસભાને સંપૂર્ણ જવાબદાર રહેશે. આ ખાતાંઓના વહીવટ માટે ગવર્નર જનરલ દશ જેટલા પ્રધાનો નીમશે ને તેમની સલાહ મુજબ કારભાર ચલાવશે.

"ફેડરેશન" માં જે રાજ્યો જોડાશે તેઓ પોતાના આંતરીક રાજવહીવટમાં પૂરેપૂરી સ્વતંત્રતા ભોગવી શકશે. આખા દેશના હીતના સવાલો અગર તો પરદેશ નીતિ જેવાં ખાતાંઓ **સંયુક્ત સરકાર** **The Federal Government** ને સોંપી દેશે. આમ જે રાજ્યો સમૂહતંત્રમાં જોડાવા ઇચ્છશે તેઓ રાજીખુશીથી પોતાનાં રાજકાજ અંગેની અમુક બાબતો સંયુક્ત સરકારની જવાબદારી ને હકુમત હસ્તક સોંપી દેશે.

* **Federal High Court વરિષ્ટ અદાલત:** ઇ સ. ૧૯૩૫ ના કાયદાના અર્થને અંગે કોઈ મતભેદ ઉભો થાય કે "ફેડરેશન" માં જોડાયલા જુદા જુદા ભાગો વચ્ચે કંઇ ઝઘડો અથવા તો પ્રાંત અને સમવાયતંત્ર વચ્ચે કંઇ તકરારી મામલો ઉપસ્થિત થાય તો તેનો છેલ્લો નીકાલ લાવવા આ અદાલત સ્થાપવામાં આવી છે. હિંદુસ્તાનમાં આ અદાલત સૌથી મોટામાં મોટી ગણાશે. એનો ફેંસલો સર્વ કોઇને બંધનકર્તા રહેશે.

* **High Commissioner for India: હિંદ માટે વડા કમીશ્નર:** ઇ. સ. ૧૯ ૯ ના કાયદાથી આ કમિશ્નરની નીમણુક કરવામાં આવી છે. આ અમલદાર હિંદી સરકારના પ્રતિનિધિ (agent) તરીકે ઇંગ્લાંડમાં નીમવામાં આવે છે. ઇ. સ. ૧૯૩૫ ના નવા કાયદાથી તેની નીમણુક, તેના પગાર તથા નોકરીની શરતો વગેરે ગવર્નર જનરલને હસ્તક સોંપાયું છે. હિંદી સરકાર માટે જોઇતી વસ્તુઓ ઇંગ્લાંડમાં ખરીદવી, હિંદના વેપારી હીતો પર દેખરેખ રાખવી, સનંદી નોકરીમાં નીમાએલા નવા અમલદારોને તાલીમ આપવી અને ઇંગ્લાંડમાં અભ્યાસ કરતા હિંદી વિદ્યાર્થીઓ ઉપર દેખરેખ રાખવાનું કામ તેને સોંપાયું છે. એ હિંદી સરકારનો નોકર ગણાય છે. એનો પગાર હિંદની તીજોરીમાંથી અપાય છે. આ ઓધ્ધો ઉંચી કેળવણી પામેલા હિંદીને પણ આપવામાં આવે છે. ઇ. સ. ૧૯૩૫ ના નવા કાયદાથી ગવર્નર જનરલના કહ્યા પ્રમાણે "ફેડરેશન"નાં કામ માટે એ કરારો કરશે અને તેવાંજ કાર્યો ગવર્નર જનરલની સંમતીથી પ્રાંતીક સરકારો, સમૂહતંત્રમાં જોડાએલાં રાજ્યો Federated States અને **બર્મા** માટે પણ બજાવશે. આ પદવી ઉંચી કેળવણી પામેલા હિંદીને પણ આપવામાં આવે છે.

એને વાર્ષિક પગાર ૩૦૦૦ પાઉન્ડ હિંદની તીજોરીમાંથી અપાય છે. એના હાથ નીચે બીજા ઘણા અમલદારો હોય છે. એની નીમણુક પાંચ વરસ માટે હોય છે.

ક Advisors of the Secretary of State:

હિંદી વજીરના સલાહકારો.

ઈ. સ. ૧૮૫૮ ના કાયદાથી હિંદના વહીવટનું ખાતું હિંદી વજીરને સોંપી એ ખાતાના વહીવટ અંગે જરૂરી સલાહ આપવા માટે હિંદી સભા India Council ની નીમણુક કરવામાં આવી હતી. ઇ. સ. ૧૯૩૫ ના નવા કાયદાથી હિંદી સભા કાઢી નાંખી તેની જગાએ હવે હિંદી વજીર ત્રણથી છ જેટલા પોતાના પક્ષના સલાહકારોની નીમણુક કરે છે, અને જરૂરી પ્રસંગે તેમની સલાહ લઇ કારભાર ચલાવે છે. આ સલાહકારો પૈકી અડધી સંખ્યાના સલાહકારોએ હિંદમાં નોકરી કરેલી અને ત્યાંનો સારો અનુભવ મેળવેલો હોવો જોઇએ. આ સલાહકારોના હોદ્દાની મુદત પાંચ વરસની છે. આ સલાહકારોને દર વરસે ૧૩૫૦ પાઉન્ડ ઈંગ્લાંડની તીજોરીમાંથી પગાર તરીકે મળે છે. (વધુ માહીતી માટે ત્રીજા સવાલના જવાબના છેલ્લા પેરેગ્રાફો તપાસી જુઓ.)

ઙ Under Secretaries હિંદી વજીરના મદદનીસ મંત્રીઓ.

હિંદી વજીરને મદદ કરવા માટે તેના હાથ નીચે બે મંત્રીઓ હોય છે. એમાંનો એક પાર્લામેંટનો સભ્ય હોય છે હિંદી વજીર જે રાજકીય પક્ષના હોય તે પક્ષમાંથી તેની ચુંટણી થાય છે. બ્રીટીશ પાર્લામેન્ટનાં બંને ગૃહોમાં હિંદના રાજવહીવટ માટે એક જવાબદાર અધિકારી રહે તે હેતુથી આ મંત્રીની નીમણુક હિંદી વજીર જે ગૃહમાં બેસતો હોય તેથી ઉલટાં ગૃહમાંથી થાય છે. એટલે કે હિંદી વજીર જો આમની સભાનો સભ્ય હોય તો તેનો આ પાર્લામેન્ટરી અન્ડર સેક્રેટરી અમીરોની સભાનો સભ્ય હોય છે. જ્યારે પ્રધાન મંડળ બદલાય છે. ત્યારે પાર્લામેન્ટનો મદદનીસ મંત્રી પણ બદલાય છે, પણ બીજો મદદનીસ મંત્રી બદલાતો નથી. આ મંત્રી સનંદી નોકરીનો કાયમનો અધિકારી હોય છે. હીંદના વહીવટની તમામ બાતમી તે હિંદી વજીરને પૂરી પાડે છે.

क Home Government: સ્થાનિક સરકાર.

કેટલાક અમલદારો તથા કેટલીક સંસ્થાઓ ઇંગ્લાંડમાં રહીને હિંદુસ્તાનનાં રાજ્યતંત્ર અંગેનું કામ કરે છે. તેઓ બધાને Home Goveroment નામથી ઓળખવામાં આવે છે.

ग Provincial Government: પ્રાંતિક સરકાર.

બ્રીટીશ હિંદુસ્તાનનો વહીવટ સરળતાથી ચલાવવા તેને ૧૭ પ્રાંતમાં વહેંચી નાંખવામાં આવ્યો છે. તેમાં મુંબઇ, મદ્રાસ, બંગાળા, વાયવ્ય સરહદનો પ્રાંત, સિંધ, પંજાબ, સંયુક્ત પ્રાંત, મધ્ય પ્રાંત, બિહાર, ઓરિસ્સા અને આસામ ગવર્નરની સત્તા નીચે હોવાથી ગવર્નરના પ્રાંત કહેવાય છે. જ્યારે દિલ્હી, બ્રીટીશ બલુચીસ્તાન, અજમેર, મ્હેરવાડા, પંથ પીપલોદા, કુર્ગ અને આંદામાન-નિકોબારના બેટો કમિશ્નરની સત્તા હેઠળ હોવાથી તે કમીશ્નરના પ્રાંતો કહેવાય છે.

પ્રાતોના પાછા જીલ્લાઓ પાડવામા આવ્યા છે. આખા હિંદુસ્તાન માં ૨૭૧ જીલ્લાઓ છે. મુંબઇ ઇલાકામાં ચાર વિભાગો ને ૨૬ જીલ્લાઓ છે. જીલ્લાનો ઉપરી કલેકટર કહેવાય છે. તેના હાથ નીચે તાલુકદાર મામલતદાર વગેરે હોય છે. દરેક જીલ્લામાં સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ, સિવિલ સરજ્યન, એન્જીનીયર, વગેરે અમલદારો હોય છે.

૧૯૩૫ના કાયદા પ્રમાણેના સુધારાનો અમલ હિંદના પ્રાંતોમાં ૧૯૩૭ના એપ્રીલ માસથી શરૂ થઇ ગયો છે. એ મુજબ દરેક ખાતાંનો વહીવટ પ્રધાનોના હાથમાં મુકાયો છે. પ્રધાનોની નીમણુક ગવર્નર ધારાસભાના સભ્યોમાંથી કરે છે તેઓ પોતાના ખાતાંના વહીવટ માટે ધારાસભાને સંપૂર્ણ જવાબદાર હોય છે. ધારાસભામાં તેમના વહીવટ સામે ઠપકાની કે અવિશ્વાસની દરખાસ્ત પસાર થતાં તેમને પોતાના હોદ્દાનું રાજીનામું આપવું પડે છે. આ જાતનું જવાબદાર રાજતંત્ર પ્રાંતીક સ્વરાજ્ય કહેવાય છે.

(9) What are the relations between the Governor General and his Executive Council?

૧૯૩૫ના નવા કાયદા મુજબ સમવાયતંત્રની ધારાસભામાં પણ

બે ધારા મંડળો રાખવાની યોજના સ્વીકારવામાં આવી છે. (૧) રાજ સભા Council of State (૨) વડી ધારાસભા Federal Assembly

મધ્યવર્તી સરકાર Central Legislature ના સઘળા વિષયોનો વહીવટ ગવર્નર જનરલ કારોબારી સભા Executive Council ની મદદથી ચલાવે છે. એને માટે તે હિંદી વજીરને જવાબદાર રહે છે એ સભામા કુલ આઠ સભ્યો છે. એમાં ગવર્નર જનરલ અને મુખ્ય સેનાપતિ (જેમનો સમાવેશ થાય છે) એ અસાધારણ સભ્યો કહેવાય છે. આ કારોબારી સભાના પ્રમુખ ગવર્નર જનરલ પોતેજ હોય છે. દરેક સભ્યના હાથમાં જુદાં જુદાં ખાતાંના વહીવટો હોય છે. સામાન્ય રીતે બહુમતીથી આ સભાનું કામકાજ થાય છે. અને ગવર્નર જનરલ તેને બહાલ રાખે છે. પરંતુ જરૂરી પ્રસંગે સુલેહ શાંતી જોખમમાં હોય એમ લાગે ત્યારે વધુમતીના ઠરાવની વિરૂદ્ધ પણ ગવર્નર જનરલ પોતાને ખાસ મળેલી સત્તા "વીટો પાવર" ની રૂએ પોતાની ઇચ્છા મુજબ જઇ શકે છે. કારોબારી સભાના સભ્યો ધારાસભાને જવાબદાર નથી. આ સભ્યો 'લેજીસ્લેટીવ એસેમ્બલી' કે 'કાઉન્સીલ ઑફ સ્ટેટ' ના સભાસદો હોઇ શકે છે. તેમને બંને ધારાસભાઓમાં જઇને ભાષણો કરવાની છૂટ હોય છે. આ આઠ સભાસદો વચ્ચે નીચેનાં ખાતા વહેંચી આપવામાં આવે છે.

(૧) **પરદેશ ખાતું:** હિંદુસ્તાનનાં દેશી રાજ્યો, સરહદનો મુલક, રાજકુમાર કોલેજો, લશ્કરી કોલેજો, કમીશ્નરના હાથ નીચેના પ્રાંતો વગેરે ઉપર આ ખાતાંનો અંકુશ રહે છે. એ ગવર્નર જનરલની સીધી દેખરેખ નીચે છે.

(૨) **લશ્કરી ખાતું:** સેનાપતિના હાથ નીચે પ્રાંતીક અમલદારો અને લશ્કરી ટુકડીઓ રાખવામાં આવે છે. આ ઉપરાંત દેશી રજવાડાઓની પાસે બ્રીટીશ રેસીડેન્ટની દેખરેખ નીચે અમુક લશ્કર રાખવામાં આવે છે. હિંદનું પરદેશી હુમલાથી જમીન માર્ગે ને હવાઈ માર્ગે રક્ષણ કરવાનું કામ આ ખાતાને સોંપાયેલું છે. એ લશ્કરી સેનાપતિના અંકુશ નીચે છે.

(૩) **સ્વદેશ ખાતું:** દેશની પરિસ્થિતિને અનુકુળ સુલેહ-શાંતિ, ન્યાય, પોલીસ વગેરે ને લગતું કામકાજ આ ખાતું ચલાવે છે.

(૪) નાણાં ખાતું : આ ખાતું હિંદી ખજાનચીના હાથમાં છે. વડી તેમજ પ્રાંતિક સરકારની ઉપર ઉપર એ દેખરેખ રાખે છે. 'બજેટ' અંદાજપત્ર બનાવવું, ટંકશાળ, રાષ્ટ્રીય દેવું, જકાત, ખંડણીની રકમ, હુંડીઆમણ, સરકારી નોકરોના પગાર, પેન્શન, જાહેર દેવું, સ્ટેમ્પ, અફીણ, મીઠું અને બીજી જકાતી બાબતો ઉપર આ ખાતાંની દેખરેખ હોય છે.

(૫) વ્યાપાર–ઉદ્યોગ ખાતું : આ ખાતાંનો સભાસદ રેલ્વે, તાર, ટપાલ બંદરો, વહાણવટું, કારખાનાં, ને દેશના હુન્નર ઉદ્યોગો વગેરે પર દેખરેખ રાખે છે.

(૬) કેળવણી ને જાહેર સુખાકારી ખાતું : કેળવણી, જાહેર સુખાકારી, સ્થાનીક સ્વરાજ્ય વગેરે બાબતો પર પ્રાંતિક સરકારની નીતિ તપાસી સુચનાઓ કરે છે. પ્રાંતોમાં કેળવણી ખાતું પ્રધાનના હાથ નીચે હોય છે. ડાયરેક્ટર ઓફ પબ્લિક ઈન્સ્ટ્રકશન ખાતાંનો મોટામાં મોટો વહીવટી અમલદાર હોય છે. તેના હાથ નીચે ઇન્સ્પેકટરો નીમાય છે. દરેક જીલ્લામાં એક સરકારી હાઇ સ્કૂલ રાખવામાં આવે છે. પ્રાથમીક કેળવણી લોકલ બોર્ડ અને સુધરાઇઓને સોંપાઇ છે. જેઓ તેમના દ્વારા શિક્ષણ–સંસ્થા ચલાવે છે, તેમને સરકાર દર વરસે નિયમ મુજબ ગ્રાન્ટ આપી મદદ કરે છે.

(૭) ન્યાય ખાતું : આ ખાતું દિંહી ધારાસભા તરફથી કાયદાના ખરડા ઘડે છે. ધારાસભાની મદદથી દેશને માટે જે જે કાયદાઓ ઘડાય છે, તેનો અમલ કરવાનું કામ વહીવટી અમલદારોનું છે આ અમલ બરાબર થાય છે કે કેમ તે જોવાનું કામ ન્યાય ખાતાનું છે. પ્રજાને યોગ્ય ઇન્સાફ મળે એ હેતુથી દરેક પ્રાંતમાં ન્યાયની અદાલતો હોય છે. પ્રાંતના મુખ્ય શહેરમાં High Court વડી અદાલત રાખવામાં આવે છે. એમાં વધુમાં વધુ ૨૦ ન્યાય મૂર્તિઓ નીમાય છે. તેઓ વહીવટી અમલદારોથી સ્વતંત્ર હોઇ નિષ્પક્ષપણે ન્યાય આપે છે.

અદાલતો દિવાની ને ફોજદારી બે જાતની હોય છે. માલમીલકત અંગેના સઘળા ઝઘડા દીવાની ને મારફાડ–તોફાન વગેરેના ઝઘડા ફોજદારી અદાલતમાં જાય છે. દરેક જીલ્લામાં એક કોર્ટ હોય છે. તેના ઉપરીને

ડીસ્ટ્રીક્ટ જજ કહે છે. તે દીવાની ને ફોજદારી ગુન્હાઓની તપાસ કરે છે. ફોજદારી ગુન્હાઓની તપાસ કરે ત્યારે તેને સેશન્સ જજ કહેવામાં આવે છે. પંચ-જૂરીની મદદથી તે ઇન્સાફ તોળે છે.

એના હાથ નીચે બીજા સબજજો-મેજીસ્ટ્રેટો વગેરે હોય છે. તે દરેકને જુદી જુદી સજા ને દંડ કરવાનો અધિકાર હોય છે. જીલ્લાનો કલેક્ટર ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ તરીકે કામ કરી શકે છે. વળી મોટાં શહેરોમાં ઓનરરી મેજીસ્ટ્રેટો પણ રાખવામાં આવે છે. ઇલાકાની સઘળી કોર્ટોના કામ ઉપર હાઇ કોર્ટ દેખરેખ રાખે છે.

(૮) ખેતીવાડી ખાતું: જમીન મહેસુલ, ખેતી સંબંધી શોધખોળો, દુકાળ નિવારણ, નહેરો, તથા જાહેર મકાનોનાં બાંધકામ વગેરે બાબતો આ ખાતાના પ્રધાનને હસ્તક હોય છે.

આ ઉપરાંત દેશના વહીવટમાં પ્રજા ભાગ લઇ શકે અને ધીમે ધીમે રાજકારોબારની તાલીમ હાંસલ કરે એ ઉદ્દેશથી સરકારે હમણાં સ્થાનીક સ્વરાજ્યનું ખાતું ખોલ્યું છે. આથી મોટાં શહેરો માટે સુધરાઇ-મ્યુનીસીપાલીટી તથા ગામડાઓ માટે લોકલ બોર્ડો સ્થપાઇ છે. ચીફ ઓફીસર, લોકલ બોર્ડ ઓફીસર, હેલ્થ ઓફીસર વગેરે ઇજનેર વગેરે અમલદારો રાખી એ વહીવટ કરે છે. દીવા બત્તી, પાણી પુરૂં પાડવું, દવાખાનાં ચલાવવાં, પ્રાથમીક કેળવણી આપવી, શીતળા કઢાવવા જન્મ-મરણની નોંધ રાખવી, આરોગ્ય તપાસ રાખવી; ઘર વેરો, ઓકટ્રોઇ, પાણી, ગટર વેરો, જમીન મહેસુલ વગેરે આવકનાં સાધનો તેમને હસ્તક સોંપયાં છે. સ્થાનીક સ્વરાજ્યના ખાતાંઓની દેખરેખ પ્રધાનને હસ્તક હોય છે.

(10) What do you know about the Federal Government ?

હિંદનાં રાજતંત્રના બે વિભાગ છે. એક હોમ ગવર્નમેન્ટ અને બીજી ઇંડીયા ગવર્નમેન્ટ. ઇંડીયા ગવર્નમેન્ટના બે ભાગ છે. (૧) મધ્યવર્તી સરકાર Federal Government (૨) પ્રાંતીક સરકાર Provincial Government.

મધ્યવર્તી સરકારનો મુખ્ય અમલદાર ગવર્નર જનરલ છે. તેની નીમણુંક ઇંગ્લાંડના શહેનશાહ વડા પ્રધાનની સલાહ મુજબ કરે છે. તેને વહીવટ કરવામાં મદદ કરવા માટે એક નવ સભ્યોની કારોબારી સભા છે. ગવર્નર જનરલ તે સભાનો પ્રમુખ છે. બહુમતીથી આ સભાનું કામ થાય છે. જોઈતા કાયદા ઘડવા એક ધારામંડળ છે. એ બે ગૃહનું બનેલું છે (૧) લોક સભા Legislative Assembly (૨) રાજ સભા Council of State. લોક સભામાં ૧૪૪ સભ્યો છે. તેમાં ૧૦૩ ચૂંટાયેલા ને બાકીના નીમાયેલા છે. રાજસભાના કુલ ૬૦ સભ્યોમાંથી ૩૩ ચૂંટાયેલા ને ૨૭ નીમાયેલા છે. ધારાસભાની મંજુરીથી ખર્ચ માટેની રકમની માગણી ફક્ત લોકસભા પાસે રજુ થાય છે. લોકસભા આ માગણી મંજુર કરે, ન કરે, અગર એમાં ઘટાડો પણ કરી શકે. હવે જ્યારે Federation સંયુક્ત રાજતંત્ર અમલમાં આવશે ત્યારે મધ્યવર્તી સરકાર સ્વતંત્ર રાજ્યોના વહીવટી ખાતામાં માથું મારશે નહિ જ તેમજ સ્વતંત્ર રાજ્યની સરકાર મધ્યવર્તી સરકારના કામકાજમાં દખલ કરશે નહિ. આવું બંધારણ ઇંગ્લાંડમાં છે. હિંદના પ્રાંતોને ૧૯૩૫ ના કાયદાથી પ્રાંતીક સ્વરાજ્ય આપી સ્વતંત્ર બનાવ્યા છે. આથી સંરક્ષણ, આંતરરાષ્ટ્રીય સંબંધ વગેરે ખાતાંઓ ગવર્નર જનરલના અંગત રખાયાં છે. આ ખાતાંનો વહીવટ મધ્યવર્તી ધારાસભાને જવાબદાર નથી પણ હિંદી વજીર ને પાર્લામેન્ટને જવાબદાર છે. આ સિવાયનાં ખાતાંઓનો વહીવટ એ પ્રધાનોની સલાહ મુજબ કરશે તેમ છતાં એવા ખાસ સંજોગોમાં ગવર્નર જનરલની હકુમત પ્રધાનોને સોંપાયલાં ખાતાંઓમાં પણ ચાલશે. જેમકે: (૧) હિંદમાં સુલેહ શાંતીના થતા ભંગની અટકાયત (૨) મધ્યવર્તી સરકારની નાણા વિષયક સ્થિરતા અને આંટનું સંરક્ષણ (૩) જાહેર નોકરોના હીત ને હકનું રક્ષણ કરવું (૪) લઘુમતી કોમનું હીત જાળવવું (૫) દેશી રજવાડાઓના માન ને હક્ક જાળવવા. (૬) બ્રીટન–બર્મા કે હિંદ સાથેના વેપારના હીત તુટતાં અટકાવવાં.

(11) Give an account of the ordinary & extra-ordinary powers of the Governor General.

દર વરસે ૨,૫૬૦૦૦ રૂપીઆનો ગંજાવર પગાર મેળવતો આ અમલદાર હિંદનો સર્વોપરિ અધિકારી ગણાય છે. આ પગાર ઉપરાંત એને મહેમાનગીરીઓ, મુસાફરીઓ, ખાધાખોરાકી વગેરે બીજા ખર્ચો પણ હિંદી તીજોરીમાંથી અપાય છે. જો કે રાજકીય દૃષ્ટિએ એનું સ્થાન હિંદી વજીર કરતાં બીજે નંબરે છે, કારણ કે તેના હુકમો માનવા તે બંધાએલો છે.

પોતાની ખાસ જવાબદારીને પહોંચી વળવા તે શહેનશાહ તરફથી મળેલા સૂચનાપત્રને આધારે પ્રધાનોની નીમણુક કરે છે, પ્રધાન મંડળની સભામાં પ્રમુખસ્થાને બેસે છે, ધારાસભાના બંને ગૃહને તે બેઠક માટે બોલાવવાની, સંબોધવાની, મોકુફ રાખવાની, (લોક સભાને) બરખાસ્ત કરવાની અથવા તેની મુદતમાં વધારો કરવાની સત્તા ધરાવે છે. વળી ધારાસભાએ પસાર કરેલો ખરડો તેની સહી વડેજ કાયદાનું રૂપ લઇ શકે છે. આવો પસાર કરેલો ખરડો તે ધારાસભાને ફરી વિચાર કરવા માટે મોકલી શકે છે અથવા તેના પર શહેનશાહની સંમતી મેળવવા અનામત રાખી શકે છે. એકાએક ઉપસ્થિત થતા સંજોગોને પહોંચી વળવા તે વટહુકમ Ordinances બહાર પાડી શકે છે. તેને કારોબારી સભાનો ઉપપ્રમુખ, તેના સભાસદો, અને કાઉન્સીલ ઓફ સ્ટેટના પ્રમુખને નીમવાની સત્તા હોય છે. હિંદી સુલેહશાંતી જોખમાય એમ લાગે ત્યારે તે કારોબારી સભાની વિરૂદ્ધ પગલાં ભરી શકે છે. વાઇસરોય તરીકે તે ગુન્હેગારોને માફી આપી શકે છે, તથા દેશી રાજાઓનાં નજરાણાં પણ સ્વીકારી શકે છે. પરદેશ ખાતાની નીતિ તે પોતાની ઇચ્છા મુજબ ઘડી શકે છે. નાણા સંબંધીનો કોઇ પણ ખરડો એની સંમતી વગર ધારાસભામાં રજુ થઇ શકતો નથી. રજુ થયા બાદ પસાર થયા પછી પણ એની સહી થયા વિના તે કાયદો ગણી શકાતો નથી. આવકના ૩૦ ટકા જેટલા ખર્ચ ઉપર જ ધારાસભાનો અંકુશ હોય છે. આ ખર્ચમાંથી હિંદી ખજાનચી કોઇ ખર્ચની રકમ માગે ને ધારાસભા તે માંગણી નામંજુર કરે તો પણ ગવર્નર જનરલ તેને પોતાની ખાસ સત્તાથી મંજુર કરી શકે છે.

કોઇ કર વધારવાની, કે નવા કરો નાખવાની ખજાનચીની સૂચના ધારાસભા નામંજુર કરે તો ગવર્નર જનરલ પોતાની સત્તાથી તેને બહાલી આપી શકે છે.

મધ્યવર્તી સરકારનાં જવાબદાર ખાતાઓનો વહીવટ ચલાવવા તે વધુમાં વધુ દશ પ્રધાનોની નીમણુક કરે છે. (આ પ્રધાનો ધારાસભામાં ચૂટાઈને આવેલા પક્ષોમાંથી જે પક્ષ વધુમતી ધરાવતો હોય તેમાંથીજ નીમવામાં આવે છે. અને તેમની સામે ઠપકાની કે અવિશ્વાસની દરખાસ્ત પસાર થાય તો તેમણે તેમની જગ્યાઓનું રાજીનામું આપવું પડે છે.)

મહેસુલ, ધર્મ, લશ્કર, નૌકાસૈન્ય, વગેરેના ખર્ચ કે દેશી ને પરદેશી રાજ્યોના સંબંધ વિષેનો કોઇ ખરડો ગવર્નર જનરલની પ્રથમ મંજુરી સિવાય ધારાસભામાં દાખલ કરી શકાતો નથી.

નવા કાયદા પ્રમાણે ગવર્નર જનરલ પોતાના કાયદા ઘડી શકે છે. તે Governor General's Acts કહેવાય છે.

(12) Describe the Federal Assembly, Federal Council and Legislative Powers

લોકસભા Federal Assembly ની મુદત પાંચ વરસની છે. એના સભ્યો ૩૭૫ છે. તેમાંથી ૧૨૫ જેટલા દેશી રાજ્યના પ્રતિનિધિઓ છે રાજસભા કાયમનું ગૃહ છે. તેમાંથી દર ત્રણ વરસે ત્રીજા ભાગના સભ્યો નિવૃત્ત થાય છે. એમાં ૨૬૦ સભ્યો છે. તેમાં ૧૫૦ બ્રીટીશ હિંદના પ્રતિનિધિ, ૧૦૪ જેટલા દેશી રાજ્યોના પ્રતિનિધિ ને ૬ ગવર્નર જનરલે બ્રીટીશ હિંદમાંથી પસંદ કરેલા સભ્યોનો સમાવેશ થાય છે. બંને ગૃહને કારોબારી, ધારાવિષયક ને નાણા સંબંધીના હક સરખા છે. મધ્યવર્તી સરકારના વહીવટ અંગે જરૂરી કાયદા માટે બંને ગૃહો ખરડો પસાર કરે છે. ધારાસભા પ્રાંતના કોઇપણ અગત્યનાં ખાતાનાં વહીવટ સંબંધમાં પોતાનો મત દર્શાવવા ઠરાવ Resolution પસાર કરી શકે છે કારભાર પર અંકુશ રાખવા બંને ગૃહના સભ્યો પેટા સવાલો પૂછી શકે છે. અગત્યના પ્રશ્ન પર ચર્ચા માટે સભા મોકુફીની રખાસ્ત Adjournment motion રજુ કરી શકે છે. ઠપકાની દરખાસ્ત લાવી પ્રધાનમંડળને રાજીનામું આપવાની ફરજ પાડી શકાય

છે. અંદાજપત્ર પર ચર્ચા કરી શકાય છે ધારાસભાની મંજુરીથી ખર્ચવાની રકમની માગણી મંજુર, નામંજુર અગર એમાં ઘટાડો કરી શકાય છે. બંને ગૃહને પોતપોતાનો પ્રમુખ ચૂંટવાનો અધિકાર છે. લોકસભાનો પ્રમુખ "સ્પીકર" કહેવાય છે. રાજસભાનો પ્રમુખ "પ્રેસીડેન્ટ" કહેવાય છે.

(13) Describe fully the Constitution of the Provincial Executive, Governor's powers and Council of Ministers

ઈ. સ. ૧૯૩૫ના કાયદા મુજબ મુંબઇ, મદ્રાસ, બંગાળા, પંજાબ સિંધ, બિહાર, ઓરિસ્સા, આસામ, સંયુક્ત પ્રાંતો મધ્ય પ્રાંતો ને વરાડ અને વાયવ્ય સરહદના પ્રાંત એમ ૧૧ પ્રાંતો **ગવર્નરના પ્રાંતો** કહેવાય છે. પ્રાંતીક કારોબારી સરકાર ગવર્નર અને તેના પ્રધાન મંડળની Cabinet બનેલી છે. જવાબદાર રાજતંત્ર Provincial Autonomy સોંપાયા પછી બધાંજ ખાતાં પ્રધાનોને સોંપાયાં છે. ખાસ જવાબદારીના વિષયો સિવાય ગવર્નર આ પ્રધાનોની સલાહ મુજબ વર્તે છે. નવા કાયદા પ્રમાણે પ્રાંતનો વડો અમલદાર હવેથી ગવર્નર જનરલની સત્તા હેઠળ નથી પણ પોતાના પ્રાંતમાં તે શહેનશાહનો પ્રતિનિધિ બન્યો છે પ્રાંતીક સરકારનાં તમામ ખાતાં લોકોના પ્રતિનિધિની બનેલી ધારાસભાને જવાબદાર રહે તેવા પ્રધાનોને સોંપાયાં છે. છતાં ખાસ સંજોગોમાં પોતાની જવાબદારીને પહોંચી વળવા પ્રાંતનો વડો અમલદાર ખાસ પગલાં ભરે ત્યારે તે ગવર્નર જનરલ, હિંદી વજીર તથા બ્રીટીશ પાર્લામેન્ટને આધીન રહે છે. વળી પોલીસ ખાતાનાં વહીવટ પર તેમજ હિંદી સનંદી નોકરીના અમલદારો સંબંધમાં ધારાસભા પાસે નહી જેવી સત્તા છે. નાણાની બાબતમાં પણ ધારાસભાને સંપૂર્ણ કાબુ નથી.

ગવર્નરની નીમણુંક પાંચ વરસ માટે હોય છે. પગાર અને દરજ્જાની બાબતમાં મુંબઇ, મદ્રાસ ને બંગાળાના ગવર્નરો બીજા પ્રાંતોના ગવર્નરો કરતાં મોટા ગણાય છે. (૧) પ્રાંતના કોઇપણ ભાગમાં સુલેહશાંતીનો ભંગ થતો અટકાવવો. (૨) લઘુમતી કોમના હીતનું રક્ષણ કરવું. (૩) જાહેર નોકરોના હક અને હીતનું પાલન કરવું. (૪)

દેશી રાજકર્તાના અધિકાર ને માનમરતબો જાળવવા વગેરે બાબતોમાં ગવર્નરની ખાસ જવાબદારી ગણવામાં આવી છે પ્રાંતનો સઘળો વહીવટ ગવર્નરના નામથી ચાલે છે ને તે પ્રાંતનો પ્રતિનિધિ ગણાય છે.

ગવર્નર પ્રાંતોના પ્રધાનોની નીમણુંક કરે છે પ્રધાનમંડળની સભાને પ્રમુખપદે બેસે છે પ્રધાનોને ખાતાં વહેંચી આપે છે. ધારાસભાની બેઠક બોલાવે છે બંને ગૃહોને બોલાવે, મોકુફ રાખે ને લોકસભાને બરખાસ્ત પણ કરે છે. ધારાસભાએ પસાર કરેલા ખરડો કાયદા તરીકે કોઈ પણ મંજુર થતાં પહેલાં તેની સહી લેવાય છે. કેટલીક બાબતોમાં ખરડો રજુ કરતાં પહેલાં તેની પ્રથમથી પરવાનગી લેવી પડે છે. તેને પણ વટહુકમો Ordinances ખાસ સંજોગોમાં કાઢવાની પૂરેપૂરી સત્તા છે. એ પણ ગવર્નરનો કાયદો Governer's Act ઘડી શકે છે. કોઈ પણ પોલીસ કાયદો ગવર્નરની સંમતી વગર ફેરવી કે નાબુદ કરી શકાતો નથી. રાજ્યવહીવટનું તંત્ર બંધ પડી જાય એવે કટોકટીને પ્રસંગે ગવર્નર જાહેરનામુ બહાર પાડી બધો પ્રાંતિક વહીવટ પોતાને હસ્તક લઈ શકે છે આ જાહેરનામું તે ૩ વરસ સુધી લંબાવી શકે છે. તેની નકલ સેક્રેટરી ઓફ સ્ટેટને મોકલવી પડે છે. દર વરસે અંદાજપત્ર તૈયાર કરાવી ધારાસભા સમક્ષ તે રજુ કરાવે છે. લોકસભાએ ના મંજુર કરેલા માંગણી તે પોતાની ખાસ સત્તાથી મંજુર કરી શકે છે. જો વધુમતી ધરાવતા પક્ષનો આગેવાન પ્રધાન મંડળ Council of Ministers રચના ના પાડે તો ગવર્નર બીજા પક્ષના આગેવાનની સલાહ મુજબ કામ ચલાઉ Interim પ્રધાન મંડળ નીમે છે. પ્રધાનોની અમુક સંખ્યા કાયદાથી કરી નથી. મુંબઈ ઇલાકાના પ્રધાન મંડળમાં હાલ સાત પ્રધાનો છે. ધારાસભાએ નક્કી કરેલો પગાર પ્રધાનોને મળે છે. પ્રધાનો પોત પોતાના કામ માટે સંયુકતપણે ધારાસભાને જવાબદાર છે. મુખ્ય પ્રધાનની સલાહથી ગવર્નર પ્રધાનોને ખાતાં વહેંચી આપે છે. પ્રાંતના વડા પ્રધાનને Chief Minister ઇંગ્લાંડના વડા પ્રધાન જેટલી સત્તા નથી.

(14) Describe the composition of the Bombay Legislative Council and Assembly under the act of 1935.

ઇ. સ.૧૯૩૫ના હિંદી કાયદાથી મુંબઇ, મદ્રાસ, સંયુક્તપ્રાંત, બિહાર ને આસામમાં બે ધારાસભાઓ (૧) વરિષ્ઠ ધારાસભા Legislative Council અને (૨) લોકસભા Legislative Assembly સ્થાપવામાં આવી છે. બાકીના બીજા પ્રાંતોમાં ફક્ત લોકસભાજ રાખવામાં આવી છે. લોકસભાના બધા સભ્યો ચુંટાયલા હોય છે. જ્યારે વરિષ્ઠ ધારાસભામાં કેટલાક સભ્યો સરકાર તરફથી નીમાયલા nominated હોય છે.

મુંબઇની લોકસભા ૧૭૫ સભ્યોની બનેલી છે. જેમાં ૧૧૫ સામાન્ય હિંદુઓ તથા હરિજનો માટે.૨૯ મુસલમાનો. ૮ યુરોપીયનો તથા ખ્રીસ્તીઓ, ૬ સ્ત્રીઓ, ૭ વેપાર ઉદ્યોગો માટે. ૭ મજૂર વર્ગના પ્રતિનિધિઓ, ૨ જમીનદારો, ૧ યુનીવર્સીટી, ૧ પછાત વર્ગ વગેરે બેઠકો છે. સાધારણ રીતે એની મુદત પાંચ વરસની છે, છતાં ગવર્નરને એ મુદત પહેલાં એને વીસર્જન કરવાનો અધિકાર છે. લોક સભા પોતાનો પ્રમુખ પોતે ચૂંટે છે.

દરેક પ્રાંતમાં સભાસદોની સંખ્યા કોમી ધોરણ પર જુદી જુદી છે. મુંબઇ વરિષ્ઠ સભામાં ૨૯–૩૦ બેઠકો છે. તેમાં ૨૦ સામાન્ય, ૫ મુસલમાન, ૧ યુરોપીયન ને ઓછામાં ઓછા ૩ ને વધુમાં વધુ ૪ સભાસદો ગવર્નર તરફથી નીમાય છે. આ બેઠક સ્થાયી છે. એના ત્રીજા ભાગના સભાસદો દર ૩ વરસે ફારેગ થાય છે એમ ઠરાવ્યું છે. નાણા સિવાય બીજા ઠરાવો આ સભામાં રજુ થઇ શકે છે.

(15) Is it true that the Executive has been made responsible to the Legislature? Describe the powers of the Provincial Legislature.

૧૯૩૫ના કાયદા પ્રમાણે દરેક પ્રાંતોને તેમને લાગતા કાયદાઓ ઘડવાની સત્તા તેમની ધારાસભાઓને આપેલી છે. ફેડરલ વિષય પર આ ધારાસભા ગવર્નર જનરલની સંમતી વગર ચર્ચા કરી શકે કે કાયદો ઘડી શકે નહિ. આથી નાણા વિષયનો ખરડો નીચેની સભામાં દાખલ કરી શકાય. દરેક ખરડો બંને ધારાસભામાંથી પસાર થવોજ જોઇએ. નીચલી ધારાસભા અમુક ખરડો પસાર કરી ઉપલી વરિષ્ઠ ધારાસભામાં ચર્ચા ને મંજુરી માટે મોકલે છે. જો એક વરસ સુધીમાં

એ ખરડો ગવર્નર પાસે સંમતી માટે મોકલવામાં આવે નહિ તો ગવર્નર બંને ધારાસભાઓના વિભાગોની ભેગી બેઠક બોલાવી તેમની સંમતીને બહુમતીને માન આપી કામ લે છે. કોઇ પણ ખરડો વરિષ્ઠ ધારાસભામાં પસાર થયો હોય ને નીચલી ધારાસભા તેને પસાર કરે નહિ તો તે કાયદાનું સ્વરૂપ લઇ શકે નહિ. બંને સભામાંથી પસાર થયા પછી જ ગવર્નરની સંમતીથી ખરડો કાયદાનું સ્વરૂપ પામે છે. પ્રાંતીક ધારાસભાનો દરેક કાયદો પ્રથમ ગમે તે એક ગૃહમાં ખરડા રૂપે રજુ થાય છે. ત્યાં ત્રણે વાચનમાંથી પસાર થયા બાદ તેને બીજા ગૃહમાં મોકલવામાં આવે છે. આ ગૃહમાં પણ ત્રણે વાચનમાંથી તે પસાર થયા બાદ તેને ગવર્નરની મંજુરી માટે મોકલવામાં આવે છે. અને ત્યાંથી મંજુરી મળ્યા બાદ તે કાયદા રૂપે બહાર પડે છે. જો ખરડો બેઉ સભામાંથી પસાર થાય છતાં ગવર્નર સંમતી ન આપે તો તે નકામો જાય છે. અગર તો ગવર્નર ગવર્નર જનરલની સંમતી માટે તે મુલતવી રાખવા, કે સુધારા વધારા સાથે પાછો મોકલવા સત્તા ધરાવે છે.

કાયદા ઘડવા ઉપરાંત ધારાસભા સવાલો પુછી દરેક ખાતાના વહીવટ સંબંધી જરૂરી બાતમી મેળવી શકે છે. સરકારનાં કામ પ્રત્યે ઠરાવ કરી પોતાનો અભિપ્રાય દર્શાવી શકે છે. સરકારનાં કામ તરફના પસંદગી બતાવવા પ્રધાનો પર ઠપકાની દરખાસ્ત પસાર કરાવી તેમને તેમના હોદ્દાના રાજીનામા આપવાની ફરજ પાડે છે. નાણાંના અંદાજપત્ર "બજેટ" પર સામાન્ય ટીકા કરવાનો અધિકાર બંને ગૃહના સભ્યો ધરાવે છે, પણ (મત આપવાની નહિ) સરકારે ખર્ચવાના નાણાની માગણી ફક્ત લોક સભામાં જ કરવામાં આવે છે અને તેની મંજુરી મળેથી સરકાર મોટા ભાગનાં નાણાં વાપરી શકે છે.

પ્રધાન મંડળ જ્યાં સુધી નીચલી ધારાસભાનો વિશ્વાસ તેનામાં હોય ત્યાં સુધી જ સત્તા પર રહી શકે છે તેના સભ્યો જાહેર હીતના સવાલો પુછે છે, કોઇ અગત્યના પ્રશ્ન પર સરકારનું ધ્યાન ખેંચવા સભાનું કામ બંધ કરવાની દરખાસ્ત Motion of Adjournment પણ લાવી શકે છે.

વળી ગવર્નરના પગાર ને ભથ્થાં પર પણ ચર્ચા થઇ શકતી નથી. અંદાજપત્રમાં માગવામાં આવેલી રકમો મંજુર–નામંજુર કરવાની કે

ઘટાડવાની સત્તા નીચલી ધારાસભાની છે. પણ વરિષ્ટ ધારાસભાને તેવી કાંઇ સત્તા નથી. નીચલી ધારાસભાએ નામંજુર કરેલી કે ઘટાડેલી કોઇપણ ખર્ચની રકમ ગવર્નર પોતાની ખાસ જવાબદારી ને અસામાન્ય સત્તાથી નાબુદ કરી શકે છે.

(16) Give the complete Provincial Legislative list :

(૧) જાહેર વ્યવસ્થા Public order (૨) ન્યાય ખાતું (૩) રેલ્વે ને ગામડાંની પોલીસ (૪) કેદખાના Prisons (૫) પ્રાંતન રાષ્ટ્રીય દેવું Public debt of the Province (૬) ... જાહેર નોકરી ને કમીશન (૭) પ્રાંતીક નોકરોને આપવાનું પેન્શન ... પ્રાંતમાં આવેલી જમીન, મકાનો વગેરે (૯) લાયબ્રેરી, મ્યુઝીઅમ ... બીજી પ્રાંતીક સરકારના હાથ નીચેની જાહેર સંસ્થાઓ. (૧૦) જાહેર તંદુરસ્તી (૧૧) કેળવણી (૧૨) વ્યવહારના માર્ગો (૧૩) ખેતીવાડી (૧૪) જંગલો (૧૫) પ્રાંતમાં ચાલતા હુન્નર–ધંધા (૧૬) માદક પદાર્થો (૧૭) ગરીબાઇ ને બેકારી નિવારણ (૧૮) મહેસુલ (૧૯) પેદાશ પર જકાત (૨૦) ખાણોની આવક ઉપર કર (૨૦) મુડી પર કર (૨૧) પાણી અને નહેરો (૨૨) ધર્મશાળાઓ ને ધર્માદા સંસ્થાઓ (૨૩) શિકાર ને જુગારના જગાઓ (૨૪) વાહનો પરના કર (૨૫) સ્ટેમ્પ વ્રી (૨૬) મોજ શોખના–સીનેમા–નાટક વિલાસના સાધનો વગેરે પરની જકાત (૨૭) ટોલ (૨૮) આયાત પરની જકાત વગેરે નાની ... લગભગ ૫૪ બાબતોનો સમાવેશ થાય છે.

(17) What do you understand by : (1) Federal Railway Authority, (2) States of India, (3) Local Self Government.

અ Federel Railway Authority: હિંદુસ્તાનમાં દોડ ... રેલ્વે અમુક એકજ કંપનીની માલીકીની નથી. અમુક સરકારખાતું તો અમુક દેશી રાજાઓની માલીકીની છે. આથી કંપનીઓમાં ખે. હરીફાઇ ને ઇર્ષા થવાનો હંમેશ સંભવ રહેતો હોવાથી ૧૯૩૫ના કાયદા મુજબ તમામ રેલ્વેઓનું એક વ્યવસ્થા મંડળ સ્થાપવામાં આવ્યું છે.

ગ દેશની રેલ્વે, એની, વેપાર હુન્નર ને લોકદોલતનાં કામમાં મદદ કરે છે. મ બને તેમ ઓછા અકસ્માતો થાય એની સંભાળ રાખે છે. રેલ્વેઓ ચેની હરીફાઈ દૂર કરે છે. જુદી જુદી કંપનીઓ વચ્ચેની તકરારોનો અંત ાની સત્તા ગવર્નર જનરલને આ મંડળના પ્રમુખ તથા બીજા બે ીશોની મદદથી આપવામાં આવી છે. રેલ્વેનો વિષય ગવર્નર નરલની અસાધારણ સત્તામાં આવી જાય છે. એના ઉપર ધારાસભાઓનો અંકુશ નથી. આ મંડળની સામે ફેડરલ કોર્ટમાં દાવો નોંધાવી શકાય છે.

States of India : હિંદનાં દેશી રાજ્યો :

હિંદુસ્તાનમાં પુષ્કળ દેશી રાજ્યો આવેલાં છે. જેમાં વડોદરા, હૈસુર ને કાશ્મીર વગેરે મોટાં ગણાય છે. આવાં મોટાં રાજ્યોમાં રકાર તરફથી એક રેસીડેન્ટ રાખવામાં આવે છે જે રાજ્યના પર દેખરેખ રાખે છે.

નાનાં નાનાં રાજ્યો ઉપર દેખરેખ રાખવાને પોલિટીકલ એજન્ટ આવે છે. આ એજન્ટો પ્રાંતીક સરકારોના તાબામાં હોય ગવર્નર સાથે અને વડી સરકારના તાબામાં હોય તો તે નરલ સાથે સંબંધ રાખે છે. સઘળા દેશી રાજ્યોના પ્રશ્નો ન્દ્ર મંડળની સ્થાપના કરવામાં આવી છે. હવે પછી વડી ં બ્રીટીશ હિંદના ને દેશી રજવાડાઓના પ્રતિનિધિઓ એક જેથી સમસ્ત હિંદ માટે એકજ પ્રકારના કાયદા ઘડી શકાશે.

cal Self Government સ્થાનીક સ્વરાજ્ય:

ા સંસ્થાના બે ભાગ પડે છે. (૧) શહેરના વહીવટ માટેની . Urban Local Bodies (૨) ગ્રામવિભાગ માટેની ઓ Rural Local Bodies.

મ્યુનીસીપાલીટી, પોર્ટ ટ્રસ્ટ, અને ઇમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટ વગેરેની વિભાગની સંસ્થામાં સમાવેશ થાય છે. જિલ્લા લોકલબોર્ડ, તાલુકા બોર્ડ અને ગ્રામ પંચાયત વગેરે ગ્રામ વિભાગની સંસ્થાઓ. કહે- ે આ બંને પ્રકારની સંસ્થાઓને જુદાં જુદાં બે જાતનાં કામો ં હોય છે-ફરજિયાત ને મરજીયાત. શહેર સુખાકારી જાળવવી, ીક કેળવણી માટે શાળાઓ સ્થાપવી ને નભાવવી, સ્વચ્છ પાણી

પૂરું પાડવું, રસ્તા તથા મહોલ્લાઓમાં પાણી છંટાવવું, દીવા બત્તી કરાવવી, શીતળા ટંકાવવા, આગ બુઝાવવી, મુડદાંને બાળવા કે દફનાવવા વ્યવસ્થા કરવી, રોગમરકી અટકાવવા, જન્મ મરણની નોંધ રાખવી, રસ્તા બંધાવવા તથા સુધારવા વગેરે મ્યુનીસીપાલીટીનાં ફરજિયાત કામો છે આ ઉપરાંત નાણાં હોય તો શહેરીઓ માટે આરામના સ્થાનો લાયબ્રેરી ને સંગ્રહસ્થાનો નિભાવવાં, ધર્મશાળાઓ, ટાંકીઓ, કુવાઓ બંધાવવાં, પ્રદર્શનો ભરવાં, માધ્યમીક ને ઉચ્ચ શિક્ષણ માટે સગવડ કરવી વગેરે

આ ખર્ચોને પહોંચી વળવા તેમને આવક માટે નળવેરો, જાજરૂવેરો, ઘરવેરો, જકાત, વગેરે કરો ઉઘરાવવાની સત્તા છે. ગ્રામવિભાગ ખર્ચ માટે મહેસુલ સાથે એક રૂપીયે એક આના પ્રમાણે 'લોકલ ફંડ' ઉઘરાવાય છે. વળી આ બંને સંસ્થાઓને પ્રાંતીક સરકાર મદદ કરે છે. જરૂરી મોટા ખર્ચનાં કામ કરવા માટે સરકારની જાહેર બાથી મંજુરી મેળવી આ સંસ્થાઓ (લોન વગેર કાઢી) વ્યાજે નાણાં પણ લઇ શકે છે. પદાર્થો

ચૂંટાયલા પ્રતિનિધિઓ એમાં બીરાજે છે. આ સંસ્થાઓ પર વહીવટ માટે પેટા કાયદા ઘડી શકે છે. ચીફ ઓફીસર, હેલ્થ (૨૧) ઓફીસર, ઇજનેર વગેરે અમલદારોની નીમણુક સરકારની (૨૩) કરે છે. દર વરસે આ સંસ્થાઓનો હીસાબ સરકારી ઑડીટર તપાસે છે, ને યોગ્ય ટીકા કરે છે. કારભાર બગડેલો લાગતાં સરકાર પરની બરતરફ કરી પોતાને હસ્તક ચાર્જ લઇ શકે છે.

મુંબઈ ઇલાકામાં ૨૬ જીલ્લા લોકલ બોર્ડો છે. એના સભાસદો પ્રજા ચૂંટે છે. જે જીલ્લાને સરકારે પ્રાથમીક કેળવણી સોંપેલી છે, તેવા જીલ્લાની કેળવણી પર દેખરેખ રાખવા સ્કુલબોર્ડ હોય છે.

તાલુકા લોકલબોર્ડો ગામડાનો વહીવટ સંભાળે છે. એમાં પણ પ્રજા પ્રતિનિધિઓ બેસે છે. કુવાઓ તથા રસ્તા સમરાવવાનું, ઝાડો રોપાવવાનું, આરોગ્ય, દવાખાના ને કેળવણી સંબંધી દેખરેખ રાખવાનું કામ તેમને કરવાનું હોય છે.